# BUSINESS મિત્ર

શેરબજારમાં તેજીથી સપ્તાહની શરૂઆત : આઇટી શેરોમાં તેજી આગળ વધી, રોકાણકારોએ 4 લાખ કરોડની કમાણી કરી

## ચોતરફી લેવાલીએ સેન્સેક્સ 638 પોઇન્ટ ઉછળ્યો

વાણિજ્ય પ્રતિનિધિ તરફથી

અમદાવાદ, તા. 22: ભારતીય શેરબજારમાં સપ્તાહની શરૂઆત તેજી સાથે થઇ છે અને સેન્સેક્સ 638 પોઇન્ટ સુધીનો ઉછાળો નોંધાયો છે. વૈશ્વિક સંકેતોના કારણે તેજીનો દોર જોવાયો હતો. આજે શેરબજારમાં રોકાણકારોને સેન્ટિમેન્ટને મજબૂત બનાવ્યું હતું. આ સિવાય અમેરિકામાં વ્યાજદરમાં ઘટાડો કરવાની અપેક્ષાએ પણ રોકાણકારોનું મનોબળ વધાર્યુ હતું. લાર્જકેપ શેરોની સરખામણીએ બ્રોડર માર્કેટમાં મજબૂતાઇ જોવા મળી હતી.

ભારત-ન્યુઝીલેન્ડ ફ્રીટ્રેડ એગ્રીમેન્ટ પર આશાવાદથી ઉત્સાહિત થઈને સતત બીજા સેશનમાં લાભ સાથે શેરબજાર નોંધપાત્ર લાભ સાથે બંધ થયા હતા. યુએસ જીડીપી ડેટા સહિતના મહત્વપુર્ણ આર્થિક ડેટા પર નજર રાખશે.

સેકટર વાઇઝ જોઇએ તો આજની રેલી ગ્રીન માર્કમાં ચારેબાજુ હતી. કન્ઝયુમર ડયુરેબલ્સ સિવાય તમામ સેકટરો સુચકાંક પણ પોઝિટિવ બંધ રહ્યા હતા. સૌથી વધુ ઉછાળો આઇટી શેરોમાં આગળ વધ્યો હતો. આ સિવાય કેપિટલ ગુડઝ, મેટલ, કોમોડિટી અને ઔદ્યોગિક સેકટરમાં વધુ મજબૂતાઇ જોવા મળી હતી. રોકાણકારોએ રૂ. ચાર લાખ કરોડની કમાણી કરી છે.

બીએસઇમાં લિસ્ટેડ કંપનીઓનું માર્કેટ કેપ રૂપિયા 475.24 લાખ કરોડના સ્તરે બંધ રહ્યા હતા. જ્યારે ગત સેશનમાં રૂ. 471.21 લાખ કરોડના સ્તરે બંધ રહ્યા હતા. આજે કારોબારના દિવસ દરમ્યાન 143 શેરો બાવન વીકના ઉંચાઇએ પહોંચ્યા હતા, તેજ સમયે 129 શેરો બાવન વીકના નીચલા સ્તરે પહોંચ્યા હતા.

### રૂપિયામાં પીછેહઠ, 37 પૈસા ઘટ્યો

વાણિજ્ય પ્રતિનિધિ તરફથી

અમદાવાદ, તા. 22: કરન્સી બજારમાં રૂપિયામાં જબરજસ્ત રીકવરી બાદ આજે ડોલરની સામે નરમાઇ જોવા મળી હતી. આજે ડોલરની સામે રૂપિયો 37 પૈસા ઘટીને 89.65ના સ્તરે બંધ રહ્યા હતા. ગત સેશનમાં ડોલરની સામે રૂપિયો 89.28ના સ્તરે બંધ રહ્યા હતા. અન્ય કરન્સીઓમાં યુરો 105.47, પાઉન્ડ 121.14, કેનેડિયન ડોલર 64.96, ઓસ્ટ્રેલિયન ડોલર 59.16, જાપાનીઝ યેન 0.5696 અને સીંગાપોર ડોલર 69.49ના સ્તરે બંધ રહ્યા હતા.

| ફોરેક્સ બજાર | |
|---|---|
| ડોલર | 89.65 રૂ. |
| યુરો | 105.47 રૂ. |
| પાઉન્ડ | 121.14 રૂ. |
| યેન | 0.5696 રૂ. |

બીએસઇ સેન્સેક્સ 638.12 પોઇન્ટ એટલે કે 0.75 ટકા ઉછળીને 85567.48 પોઇન્ટના સ્તરે બંધ રહ્યા હતા. આજે ઈન્ટ્રાડેમાં સેન્સેક્સ 85601 પોઇન્ટ સુધી ઉછળ્યો હતો, જ્યારે નીચામા 85145 પોઇન્ટ સઉધી ઘટ્યો હતો. નિફ્ટી 206 પોઇન્ટ એટલે કે 0.79 ટકા વધઈને 26172.40 પોઇન્ટના સ્તરે બંધ રહી હતી. આજે નિફ્ટીએ 26150 પોઇન્ટની સપાટી કુદાવી હતી. આજે ઇન્ટ્રાડેમાં નિફ્ટી 26180 પોઇન્ટ સુધઈ ઉછળી હતી, જ્યારે નીચામાં 26047 પોઇન્ટ સુધી ઘટી હતી. બેન્ક નિફ્ટી 234.80 પોઇન્ટ એટલે કે 0.40 ટકા વધીને 59304 પોઇન્ટના સ્તરે બંધ રહ્યા હતા.

બીએસઇ ખાતે જ્યુપીટર વેગન્સ 26.01 ગણા, બ્રિટાનીયા ઈન્ડ. 9.63 ગણા, જીઇ વર્નોવા 7.84 ગણા, કેઈસી ઈન્ટરનેશનલ 5.65 ગણા અને સીમેન્સ એનર્જી ઈન્ડિયા 4.79 ગણા કામકાજ નોંધાયા છે. એનએસઇ ખાતે જ્યુપીટર વેગન્સ 59.28 ગણા, કેએસબી લિ. 7.24 ગણા, કેઈસી ઈન્ટરનેશનલ 6.04 ગણા, રેલ વિકાસ નિગમ 4.18 ગણા અને સીમેન્સ એનર્જી 3.98 ગણા કામકાજ નોંધાયા છે.

બ્રોડર માર્કેટમાં મજબૂતાઇ જોવા મળી હતી. બીએસઇ મિડકેપ ઈન્ડેક્સ 0.86 ટકા અને સ્મોલકેપ ઈન્ડેક્સ 1.12 ટકા વધ્યો હતો. જેના લીધે માર્કેટ બ્રડેથ મજબૂત જોવાઇ હતી. બીએસઇ ખાતે 2796 શેરો વધ્યા હતા અને 1514 શેરો ઘટ્યા હતા, જ્યારે 203 શેરો યથાવત રહ્યા હતા.

આઇટી શેરમાં આતજે પણ તેજીનો દોર જળવાઇ રહ્યો હતો. બીએસઇ આઇટી ઈન્ડેક્સ 2.06 ટકા વધ્યો હતો. જેમાં પરસીસ્ટન્ટ સીસ્ટમ, વિપ્રો, ઈન્પોસીસ, ટેક મહિન્દ્રા, એચસીએલ ટેકનો, ટીસીએસ, કોફોર્જ, ઓરેકલ ફાઈનાન્સીયલ સર્વિસીસ સોફ્ટવેર વધ્યા હતા.

વૈશ્વિક સ્તરે યુરોપિયન બજારોમાં નરમાઇ જોવા મળી હતી, જ્યારે એશિયન બજારોમાં સુધારા સાથે બંધ રહ્યું હતું. ઓફિસ ફોર નેશનલ સ્ટેટેસ્ટીકસે જણાવ્યું હતું કે, આ વર્ષના જુલાઈથી સપ્ટેમ્બરના સમયગાળામાં યુકેની અર્થવ્યવસ્થા 0.1 ટકા વધી છે. ઓકટોબરથી ડિસેમ્બરના સમયગાળા માટે જીડીપી વૃદ્ધિમાં સ્થિરતાની આગહી કરે છે. ચીનની સેન્ટ્રલ બેન્કે પ્રાઈમ રેટ યથાવત રાખ્યા છે, જેની એશિયન બજરોમાં પોઝિટવ અસર થઈ છે. યુરોપિયન બજારોમાં એફટીએસઇ 0.47 ટકા, કે 0.23 ટકાના ઘટાડા સાથે ચાલી રહ્યા છે, જ્યારે ડેક્સ 0.41 ટકાના સુધારા સાથે ચાલી રહ્યા છે. એશિયન બજારોમાં નીક્કી 1.82 ટકા, સ્ટ્રેઈટસ 0.88 ટકા, હેંગસેંગ 0.39 ટકા, તાઈવાન 1.61 ટકા, કોસ્પી 2.08 ટકા, જકાર્તા 0.42 ટકા અને શાંઘાઈ 0.69 ટકા સુધારા સાથે બંધ રહ્યા હતા.

| | | |
|---|---|---|
| સેન્સેક્સ | 638.12 | 85567.48 |
| નિફ્ટી | 206.00 | 26172.40 |
| બેન્ક નિફ્ટી | 234.80 | 59304.00 |

**નિફ્ટી – ટોપ ગેઇનર્સ**

| કંપનીનું નામ | ટકાવારી | ભાવ |
|---|---|---|
| શ્રીરામ ફાઇનાન્સ | 3.68 | 934.85 |
| ટ્રેન્ટ | 3.56 | 4206.80 |
| ઇન્ફોસીસ | 3.11 | 1689.60 |
| વિપ્રો | 3.11 | 272.67 |
| ભારતી એરટેલ | 2.38 | 2147.60 |

**નિફ્ટી – ટોપ લુઝર્સ**

| કંપનીનું નામ | ટકાવારી | ભાવ |
|---|---|---|
| એસબીઆઇ | 0.61 | 974.30 |
| એચડીએફસી લાઇફ | 0.61 | 761.80 |
| કોટક મહિન્દ્રા બેન્ક | 0.45 | 2149.70 |
| ટાટા કન્ઝ્યુમર | 0.44 | 1178.80 |
| એસબીઆઇ લાઇફ | 0.30 | 2022.30 |

**સેન્સેક્સ – ટોપ ગેઇનર્સ**

| કંપનીનું નામ | ટકાવારી | ભાવ |
|---|---|---|
| ટ્રેન્ટ | 3.56 | 4206.35 |
| ઇન્ફોસીસ | 3.06 | 1689.70 |
| ભારતી એરટેલ | 2.32 | 2144.85 |
| ટેક મહિન્દ્રા | 2.09 | 1646.55 |
| બીઇએલ | 1.57 | 398.90 |

**સેન્સેક્સ – ટોપ લુઝર્સ**

| કંપનીનું નામ | ટકાવારી | ભાવ |
|---|---|---|
| એસબીઆઇ | 0.60 | 974.24 |
| કોટક મહિન્દ્રા બેન્ક | 0.37 | 2151.50 |
| ઇન્ટરગ્લોબ એવીએશન | 0.06 | 5146.00 |

## સોનુ દાયકાના અંત સુધીમાં રૂ. 3 લાખને પાર જશે : અમેરિકી અર્થશાસ્ત્રીનો દાવો

**સોનાના** ભાવમાં લગભગ અઢી ગણો વધારો થશે, એટલે કે 127 ટકાનો ઉછાળો આવી શકે

નવી દિલ્હી, તા. 22: અમેરિકન અર્થશાસ્ત્રી અને દિગ્ગજ માર્કેટ સ્ટ્રેટેજિસ્ટ એડ યાર્ડેનીનું માનવું છે કે આ દાયકાના અંત સુધીમાં સોનામાં જબરદસ્ત વધારો જોવા મળી શકે છે. 2029 સુધીમાં સોનાની કિંમત 10000 ડોલર પ્રતિ ઔંસ સુધી પહોંચી શકે છે. આ ઉપરાંત, તેમણે યુએસ શેરબજારના મુખ્ય સૂચકાંક એસએન્ડપી 500 માટે ઉચ્ચ સ્તરનું પણ અનુમાન લગાવ્યું છે.

આંતરરાષ્ટ્રીય બજારમાં ન્યૂયોર્ક સ્થિત કોમેક્સ પર સોનાની કિંમત 4400 ડોલર પ્રતિ ઔંસની આસપાસ ચાલી રહી છે. 22 ડિસેમ્બરે સોનું આ સ્તર પર રેકોર્ડ સ્તરે પહોંચ્યું હતું. આ વધારા પાછળ, યુએસ ફેડરલ રિઝર્વ વધુ વ્યાજ દરમાં ઘટાડો કરે તેવી અપેક્ષા છે. ઉલ્લેખનીય છે કે, વર્ષ 2025માં અત્યાર સુધીમાં સોનાના ભાવમાં લગભગ 67 ટકાનો વધારો થયો છે.

આંતરરાષ્ટ્રીય બજારમાં સોનું હાલમાં 4410 ડોલર પ્રતિ ઔંસ પર ટ્રેડ કરી રહ્યું છે. જો સોનું 4410 ડોલરથી વધીને 10000 ડોલર પ્રતિ ઔંસ થાય છે, તો તે લગભગ 127 ટકા વધશે. આનો અર્થ એ થયો કે સોનાના ભાવમાં લગભગ અઢી ગણો વધારો થશે.

તે જ સમયે, ભારતીય બજારની વાત કરીએ તો એમસીએક્સ પર સોનાનો ભાવ 135890 રૂપિયા છે. જો વર્ષ 2029 સુધીમાં તે 127 ટકાનો વધારો કરે છે, તો તેની કિંમત લગભગ 3.08 લાખ રૂપિયા થશે.

એડ યાર્ડેની કહે છે કે રોકાણ પોર્ટફોલિયોમાં સોનાની ભૂમિકા આજે પણ એટલી જ મહત્વપૂર્ણ છે. તેમના મતે, ઇતિહાસ બતાવે છે કે જ્યારે પણ સોનાની મોટી રેલી થઇ છે, ત્યારે તે ઘણીવાર લોકોની અપેક્ષા કરતા ઘણી આગળ વધે છે.

તેમણે સ્પષ્ટપણે કહ્યું હતું કે ટૂંકા ગાળામાં સોનું અને ઇક્વિટી વિરૂદ્ધ દિશામાં આગળ વધી રહ્યા હોય તેવું લાગે છે, પરંતુ લાંબા ગાળે, બંનેની હિલચાલ ઘણી વાર સમાન રહી છે. આ જ કારણ છે કે તેઓ સોનાને માત્ર સંકટના સમયમાં સંપત્તિ જ નહીં, પરંતુ મજબૂત લાંબા ગાળાનું રોકાણ માને છે.

યાર્ડેનીનો યુએસ શેરબજાર પર પણ સકારાત્મક દૃષ્ટિકોણ છે. તેમનું કહેવું છે કે હાલનું વાતાવરણ હજી પણ બજાર માટે સહાયક છે. તેમને અપેક્ષા છે કે એસએન્ડપી 500 ઇન્ડેક્સ 2026 ના અંત સુધીમાં 7,700 ના સ્તરે પહોંચશે, જે વર્તમાન સ્તરથી લગભગ 10 ટકા અપસાઇડ દર્શાવે છે.

યાર્ડેનીએ એમ પણ કહ્યું હતું કે ઇન્ડેક્સ સતત ત્રીજા વર્ષે ડબલ-ડિજિટ વળતર તરફ આગળ વધી રહ્યું છે. ચોથા વર્ષમાં પણ આ પ્રકારનું પ્રદર્શન મુશ્કેલ છે, પરંતુ સંપૂર્ણપણે અશક્ય નથી. ટેક કંપનીઓમાં તીવ્ર સ્પર્ધાના કારણે મુડીખર્ચમાં વધારો થઇ શકે છે. તેમના જણાવ્યા અનુસાર, આની અસર એ હોઇ શકે છે કે ટેક સેક્ટરની તેજી મુઠ્ઠીભર મેગાકેપ કંપનીઓ સુધી મર્યાદિત રહેશે નહીં પરંતુ વધુ વ્યાપક બનશે. એટલે કે, આગામી સમયમાં ટેક સેક્ટરમાં નફો વધુ ફેલાવો જોઇ શકાય છે.

ભારતના સંદર્ભમાં, યાર્ડેની માને છે કે ઘણા વર્ષોના મજબૂત ઇક્વિટી પ્રદર્શન પછી 2025 એકત્રીકરણનું વર્ષ હોઇ શકે છે.

જો કે, 2026માં વધુ સારી તકો રચાઇ રહી હોય તેવું લાગે છે. જો અમેરિકા સાથે ટ્રેડ વાટાઘાટો આગળ વધશે તો ભારતીય બજારમાં નવી ઊંચાઇએ પહોંચી શકે છે.

વૈશ્વિક નાણાકીય નીતિ અંગે યાર્ડેનીએ કહ્યું કે જાપાનની નીતિઓને કારણે આ સમયે મોટી નાણાકીય કટોકટીનું જોખમ ઓછું છે. પરંતુ તેમણે મિશ્ર નીતિના સંકેતો વિશે ચેતવણી આપી હતી.

તેમનું કહેવું છે કે એક જ સમયે ચુસ્ત નાણાકીય નીતિ અને ઉત્તેજના આપવી એ કાર ચલાવતી વખતે એક પગ બ્રેક પર અને બીજો એક્સિલરેટર પર મૂકવા જેવું છે. તેમના મતે, લાંબા ગાળે કોઇપણ અર્થવ્યવસ્થા માટે આ યોગ્ય માર્ગ નથી.

## ફેબ્રુઆરીથી રિટેલ ફુગાવો અને જીડીપી ડેટાની નવી શ્રેણી જાહેર કરાશે

નવી દિલ્હી, તા. 22: રિટેલ ફુગાવા તેમજ રાષ્ટ્રીય ખાતાઓ માટેના આધાર વર્ષમાં ફેરફાર સાથે મેક્રો ઈકોનોમિક ડેટાની નવી શ્રેણી ફેબ્રુઆરીમાં બહાર પાડવામાં આવશે. આ સાથે આવતા વર્ષે મે મહિનામાં ઔદ્યોગિક ઉત્પાદનનો નવો ડેટા જાહેર કરવામાં આવશે. આંકડા અને કાર્યક્રમ અમલીકરણ મંત્રાલયે માહિતી આપી હતી. મંત્રાલયે જીડીપી, સીપીઆઇ અને આઇઆઇપીના બેઝ રિવિઝન પર પ્રી-રિલીઝ કન્સલ્ટેટિવ વર્કશોપનું આયોજન કર્યું છે. સીપીઆઇ પર આધારિત નવી ફુગાવાની શ્રેણી, આધાર વર્ષના ડેટા સાથે, 12 ફેબ્રુઆરી, 2026ના રોજ જાહેર થવાની છે. નાણાકીય વર્ષ 2022-23 માટેના આધાર વર્ષ સાથેના રાષ્ટ્રીય હિસાબો પરના ડેટા 27મી ફેબ્રુઆરી, 2026ના રોજ જાહેર થવાનો છે. આધાર વર્ષ 2022-23ને આધાર વર્ષ તરીકે લેતા આઇઆઇપી ડેટાની નવી શ્રેણી 28મી મેના રોજ બહાર પાડવામાં આવશે. વર્કશોપમાં સહભાગીઓનો વિશાળ પૂલ સામેલ થશે.

**સોના-ચાંદી સુરત** (ટેક્ષ સહિત)

| | |
|---|---|
| સટાન્ડર્ડ સોનું | ૧૩૮૭૫૦ |
| તેજાબી સોનું | ૧૩૮૬૬૦ |
| દાગીના-૨૨ કેરેટ | ૧૩૧૮૧૦ |
| દાગીના-બીએસઆઈ હોલમાર્ક | ૧૩૫૯૭૫ |
| સોનાનાં બિસ્કીટ | ૧૩૮૭૫૦૦ |
| ચાંદી (૯૯૯) | ૨૧૩૪૦૦ |
| ચાંદી સિક્કા | ૨૧૪૯૦૦ |

**જથ્થાબંધ ખાંડબજાર** પ્રતિ ક્વિન્ટલ ભાવ (રૂા.)

| | |
|---|---|
| **મહારાષ્ટ્ર** | |
| એમ-30 (ભરવાલાયક) | ૪૪૦૦ |
| એમ-30 | ૪૩૫૦ |
| એસ-30 | ૪૩૦૦ |
| **ગુજરાત** | |
| એમ-30 | ૪૩૦૦ |
| એસ-30 | ૪૨૫૦ |

## માર્કેટ કેપમાં હોંગકોંગને પછાડીને ભારતના REIT સેક્ટરે વેગ પકડ્યો

**આ** ક્ષેત્ર ટૂંક સમયમાં જ 20 અબજ ડોલરની માર્કેટ કેપને પાર કરી શકે છે

નવી દિલ્હી, તા. 22: ભારતનું રિયલ એસ્ટેટ ઈન્વેસ્ટમેન્ટ ટ્રસ્ટ (આરઈઆઈટી) ક્ષેત્ર ઝડપથી વિકસી રહ્યું છે. આજરોજ જાહેર થયેલા એક રિપોર્ટ મુજબ ભારતની આરઈઆઈટીની કુલ સંપત્તિ લગભગ 2.3 લાખ કરોડ રૂપિયા થઇ ગઈ છે. આ સાથે ભારતે હોંગકોંગના આરઈઆઈટી માર્કેટને પણ પાછળ છોડી દીધું છે.

એનારોક કેપિટલના અહેવાલ મુજબ, 30 સપ્ટેમ્બર, 2025 સુધીમાં, ભારતના આરઈઆઈટીની માર્કેટ કેપ લગભગ 1.66 લાખ કરોડ રૂપિયા સુધી પહોંચી ગઇ છે, જે હોંગકોંગ કરતા વધુ છે. રસપ્રદ વાત એ છે કે, ભારતમાં ફક્ત 32 ટકા પાત્ર મિલકતો હાલમાં આરઈઆઈટી તરીકે સૂચિબદ્ધ છે.

છેલ્લા પાંચ વર્ષમાં ભારતીય આરઈઆઈટીએ દર વર્ષે સરેરાશ 8.9 ટકાથી વધુ વળતર આપ્યું છે. સિંગાપોર, જાપાન અને હોંગકોંગ જેવા દેશોની સરખામણીમાં આ વળતર સારૂં રહ્યું છે, જ્યારે ઘણા વિકસિત દેશોમાં આ સમયગાળા દરમિયાન ઓછું અથવા નકારાત્મક વળતર રહ્યું છે.

એનારોક કેપિટલના સીઈઓ શોભિત અગ્રવાલે જણાવ્યું હતું કે, નાણાકીય વર્ષ 2026ના બીજા ક્વાર્ટરમાં આરઈઆઈટીએ સારૂં પ્રદર્શન કર્યું હતું અને વ્યાજ દરમાં વધારો અને બજારની અસ્થિરતા હોવા છતાં મજબૂતી જાળવી રાખી હતી.


**તેલ બજાર સુરત** ૧૫ કિલોના ભાવ

| | | | |
|---|---|---|---|
| સીંગતેલ (૧૫ કિ.) | ૨૭૮૦ | કોપરેલ | ૬૩૦૦ |
| સીંગતેલ (૧૫ લિ.) | ૨૫૮૦ | વનસ્પતિ ઘી | ૨૩૨૦ |
| સીંગતેલ (૫ લી) | ૮૩૦ | સનફ્લાવર | ૨૩૫૦ |
| કપાસીયા (૧૫ કિ.) | ૨૩૯૦ | તલતેલ | ૪૯૫૦ |
| કપાસીયા (૧૫ લિ.) | ૨૧૫૦ | દિવેલ | ૨૪૯૦ |
| કપાસીયા (૫ લિ.) | ૭૮૦ | મકાઇ તેલ | ૨૩૫૦ |
| સરસીયું તેલ | ૨૯૦૦ | | |

**યાર્ન બજાર સુરત** (GST સાથેના ભાવ) — નરેશ / મુકેશ ઘીવાળા ૩૫૧૬૪૪૬ - ૨૫૯૯૯૭૪

| | | | | | |
|---|---|---|---|---|---|
| **પ્રફુલ/સાલાસર/કેપલોન** | **રૂા.** | ૭૫/૩૬ ’’ | ૧૧૧ | ----- | --- |
| ૩૦/૨૪ બ્રાઇટ | ૨૩૩ | ૫૦/૩૬ ’’ | ૧૨૦ | ૮૦/૭૨ બ્લેક રોટો | ૧૨૯ |
| ૩૦/૩૬ એફડી | ૨૩૮ | ૫૦/૪૮ SD/ક્રેપ | ૧૮૫ | **ગાર્ડન** | |
| **લોકલ** | | **RIL રિલાયન્સ** | | ૪૯/૨૪ એફડીવાય | ૧૧૪.૫૦ |
| ૬૨/૩૬ ક્રિમ્પ | ૧૨૧ | ૯૦/૩૬ ક્રિમ્પ | ૧૨૪ | ૩૦/૧૪ ક્રિમ્પ | ૧૬૧ |
| ૬૮/૩૬ | ૧૧૯ | ૧૧૪.૧૩ રોટો | --- | ૬૨ ક્રિમ્પ | ૧૨૨ |
| ૭૨/૩૬ ક્રિમ્પ | ૧૧૮ | ૧૦૦ ટેક્ષ | ૧૨૩ | ૬૮ ક્રિમ્પ | ૧૨૦ |
| ૯૦/૩૬ ક્રિમ્પ | ૧૧૨ | **વેલનોન** (જીએસટી સાથે) | | ૭૨ ક્રિમ્પ | ૧૧૯ |
| ૮૪/૪૮ ક્રિમ્પ | ૧૧૩ | ૮૦/૭૨ રોટો | ૧૨૦ | ૭૫ ક્રિમ્પ | ૧૧૬ |
| ૩૦/૧૪ ક્રિમ્પ | ૧૫૮ | ૮૦/૭૨ ફોલ્ડર | ૧૨૯ | ૮૦ ક્રિમ્પ | ૧૧૫ |
| ૮૦/૭૨ રોટો. | ૧૧૭.૫ | ૧૬૦ ડીસ્કેટ | ૧૨૯ | ૮૦/૭૨ રોટો | ૧૧૮ |
| ૮૦/૩૬ રોટો. | ૧૧૬ | --- | --- | ૩૦/૨૪ બ્રાઇટ | --- |
| ૧૫૦/૪૮બ્રાઇટ | ૧૧૨ | ૮૦/૧૦૮ ’’ | ૧૨૪ | ૩૦/૩૬ એફડી | --- |
| | | | | TPM | ૧૧૬ |

## ઉદ્યોગપતિઓના લાભાર્થે અરવલ્લીની પર્વતમાળાનો વિનાશ કરવામાં આવી રહ્યો છે




મહાન લીલી દિવાલ તરીકે ઓળખાતી અરવલ્લીની પર્વતમાળા માત્ર ભારતમાં જ નહીં પરંતુ વિશ્વની સૌથી જૂની પર્વતમાળાઓમાંની એક છે. અરવલ્લી પર્વતમાળા પશ્ચિમ ભારતમાં આવેલી એક પ્રાચીન પર્વતમાળા છે. તે ગુજરાતના કચ્છમાં ઉદ્ભવે છે અને રાજસ્થાન, હરિયાણા અને દિલ્હીમાંથી પસાર થાય છે. દક્ષિણ-પશ્ચિમથી ઉત્તર-પૂર્વ સુધી તેની લંબાઇ આશરે ૮૦૦ કિલોમીટર છે. ઐતિહાસિક રીતે, આ પર્વતમાળા બે અબજ વર્ષથી વધુ જૂની છે અને હજુ પણ ગુજરાત, રાજસ્થાન, હરિયાણા અને દિલ્હી માટે મહત્ત્વપૂર્ણ જીવનરેખા તરીકે સેવા આપે છે. તાજેતરમાં સુપ્રીમ કોર્ટે તેની કાનૂની વ્યાખ્યા બદલી છે. સુપ્રીમ કોર્ટના નિર્ણય મુજબ હવે ફક્ત ૧૦૦ મીટરથી ઉપરની ટેકરીઓને જ અરવલ્લી ગણવામાં આવશે. નાની ટેકરીઓ અને તેના ઉપરનાં જંગલો જે પહેલાં આ શ્રેણીમાં આવતા હતા તેને હવે કાયદાનું રક્ષણ મળશે નહીં. સુપ્રીમ કોર્ટે એ પણ સ્પષ્ટ કર્યું કે જમીનનો ઉપયોગ કરવાના નિર્ણયો માટે ફક્ત ઊંચાઈના ધોરણો જ નહીં, પરંતુ જમીનના રેકોર્ડ અને વાસ્તવિક પરિસ્થિતિઓને ધ્યાનમાં રાખીને લેવામાં આવશે. આ નિર્ણયના પરિણામે અગાઉ જંગલની જમીન ગણાતા વિસ્તારોને હવે મહેસૂલી જમીન ગણવામાં આવી શકે છે. આવી લાખો હેક્ટર જમીન ખાણકામને કારણે બરબાદ થવાની સંભાવના છે.

અરવલ્લી પર્વતો ભૂગર્ભજળ રિચાર્જ સિસ્ટમ તરીકે કાર્ય કરે છે. આ પર્વતમાળા ભૂગર્ભજળના સ્તરને જાળવવા અને વરસાદી પાણીનો સંગ્રહ કરવામાં મહત્ત્વપૂર્ણ ભૂમિકા ભજવે છે. અરવલ્લીના પર્વતો દર વર્ષે ભૂગર્ભજળ રિચાર્જમાં પ્રતિ હેક્ટર આશરે ૨૦ લાખ લિટરનું યોગદાન આપે છે. ગુજરાતની જીવાદોરી સમાન લુણી, સાબરમતી અને મહીસાગર જેવી નદીઓ અરવલ્લીની પર્વતમાળામાં ઉદ્ગમ પામે છે. વધુમાં, તે પશ્ચિમ ભારતમાં પર્યાવરણીય કવચ તરીકે કામ કરે છે. ભારત સરકાર દ્વારા તેને પર્યાવરણીય સંવેદનશીલ ક્ષેત્ર તરીકે જાહેર કરવામાં આવ્યું છે. આ પ્રદેશ લુપ્તપ્રાય પ્રજાતિઓથી પણ સમૃદ્ધ છે. અરવલ્લીની પર્વતમાળા તેની સમૃદ્ધ જૈવવિવિધતા માટે જાણીતી છે. તેમાં વિવિધ પ્રકારના છોડ અને વન્યજીવનનું ઘર છે, જેમાં હરણ, વરુ, બંગાળી શિયાળ, કારાકલ, પટ્ટાવાળી હાયના અને શિયાળનો સમાવેશ થાય છે.

અરવલ્લી વિવાદનું મૂળ કારણ તેમાં રહેલા કીમતી ખનિજો અને તેને ખોદીને અબજો રૂપિયા રળી લેવાની કેટલાક ઉદ્યોગપતિઓની દાનત છે. આ દાનતને દેશની સરકાર અને સર્વોચ્ચ અદાલતનું પણ સમર્થન મળ્યું છે, માટે અરવલ્લીને બચાવવાનું કામ કપરું બન્યું છે. આ પર્વતમાળામાં સીસું, જસત, તાંબુ, સોનું અને ટંગસ્ટન જેવા ખનિજોના વિપુલ ભંડારો જોવા મળે છે. અરવલ્લી પ્રદેશમાંથી મોટા પાયે ખાણકામ કરવામાં આવ્યું છે. અરવલ્લીના વિસ્તારમાં ટેકરીઓ ઉપર ચાલતું ખાણકામ આસપાસના ભૂગર્ભજળને અસર કરી રહ્યું છે. આ કારણે અરવલ્લી પ્રદેશના વિવિધ વિસ્તારોમાં ખાણકામને ગેરકાયદેસર ઠેરવવામાં આવ્યું છે.

અરવલ્લીના ક્યા વિસ્તારમાં ખાણકામ કરી શકાય અને ક્યા વિસ્તારમાં ન કરી શકાય, તે નક્કી કરવા માટે સુપ્રીમ કોર્ટે ૨૦૨૪માં એક સમિતિનું ગઠન કર્યું હતું. આ સમિતિએ ૨૦૨૫ના માર્ચમાં તેનો હેવાલ આપ્યો હતો, જેમાં સ્પષ્ટતા કરી કે પર્યાવરણીય રીતે સંવેદનશીલ વિસ્તારોમાં ખાણકામ સંપૂર્ણપણે બંધ કરવું જોઈએ. તેણે પથ્થરનો ભુક્કો કરતાં એકમો પર કડક નિયમોનો પણ પ્રસ્તાવ મૂક્યો હતો. સમિતિએ જણાવ્યું હતું કે અરવલ્લી પર્વતમાળાનું સંપૂર્ણ મેપિંગ કરવું જોઈએ અને કોઈ નવી ખાણકામ લીઝ આપવી જોઈએ નહીં અથવા જૂની લીઝ રિન્યૂ કરવી જોઈએ નહીં. દરમિયાન સુપ્રીમ કોર્ટે શોધી કાઢ્યું કે અરવલ્લી પર્વતમાળાને ઓળખવા માટે વિવિધ રાજ્યોનાં અલગ અલગ ધોરણો છે. ફોરેસ્ટ સર્વે ઓફ ઇન્ડિયા (FSI) સહિત નિષ્ણાત જૂથો પણ અલગ અલગ ધોરણોનો ઉપયોગ કરીને અરવલ્લી પર્વતમાળાને વ્યાખ્યાયિત કરી રહ્યા છે.

FSI એ જણાવ્યું હતું કે ફક્ત ત્રણ ડિગ્રીથી વધુ ઢાળ, ૧૦૦ મીટરથી વધુ ઊંચાઈ અને બે ટેકરીઓ વચ્ચે ૫૦૦ મીટરનું અંતર ધરાવતી ટેકરીઓને જ અરવલ્લી પર્વતમાળામાં પર્વતો ગણવામાં આવશે. ત્યારબાદ સુપ્રીમ કોર્ટે પર્યાવરણ મંત્રાલય, FSI, રાજ્ય વન વિભાગો, ભારતીય ભૂસ્તરશાસ્ત્રીય સર્વેક્ષણ (GSI) અને તેની પોતાની સમિતિના પ્રતિનિધિઓનો સમાવેશ કરતી બીજી સમિતિની રચના કરી હતી. આ સમિતિને અરવલ્લી પર્વતમાળાને વ્યાખ્યાયિત કરવાનું કામ સોંપવામાં આવ્યું હતું. ૨૦ નવેમ્બરના રોજ, સુપ્રીમ કોર્ટે સમિતિના અહેવાલને સ્વીકાર્યો હતો, જેમાં કહેવામાં આવ્યું હતું કે ફક્ત ૧૦૦ મીટરથી ઊંચી ટેકરીઓને જ અરવલ્લી પર્વતમાળાનો ભાગ ગણવામાં આવશે. નિષ્ણાતો કહે છે કે અરવલ્લી પર્વતમાળા ફક્ત ઊંચાઈનો વિષય નથી, પરંતુ એક સંપૂર્ણ ઇકોસિસ્ટમ છે. રાજસ્થાનમાં આશરે ૯૦ ટકા અરવલ્લી પર્વતમાળા ૧૦૦ મીટર ઊંચાઈની જરૂરિયાતને પૂર્ણ કરતી નથી. આનો અર્થ એ છે કે રાજ્યની માત્ર ૮ થી ૧૦ ટકા ટેકરીઓને કાયદેસર રીતે અરવલ્લી ગણવામાં આવશે, જ્યારે બાકીના આશરે ૯૦ ટકાને સંરક્ષણ કાયદાઓમાંથી બાકાત રાખવામાં આવી શકે છે. પર્યાવરણવાદીઓ માને છે કે આ લડાઈ ફક્ત કોર્ટ કે સરકાર પૂરતી મર્યાદિત નથી, પરંતુ સમાજની સહિયારી જવાબદારી છે.

ટુ ધ પોઇન્ટ — સમકિત શાહ

અરવલ્લી પર્વતમાળા હરિયાણા અને દિલ્હી વચ્ચે કુદરતી કવચ બનાવે છે. તે રાજસ્થાનના થાર રણને રાજધાની દિલ્હી તરફ આગળ વધતા અટકાવે છે અને વરસાદી પાણીનું નિયમન પણ કરે છે. જો અરવલ્લી પર્વતમાળા અદૃશ્ય થઈ જાય, તો ભૂગર્ભજળ ઝડપથી ખતમ થઈ જશે, જેનાથી દિલ્હી અને આસપાસના વિસ્તારોમાં પાણીની અછત વધશે. કુવાઓ, તળાવો અને નદીઓ ટૂંક સમયમાં સુકાવા લાગશે. અરવલ્લી નદી દિલ્હી-એનસીઆરનું ધૂળ અવરોધક અને કુદરતી ઠંડક પ્રણાલીનું કામ પણ કરે છે. તેના વિના વાયુ પ્રદૂષણ અને ગરમી વધશે, જેના કારણે ઉનાળો દિલ્હીવાસીઓ માટે અત્યંત કઠોર અને અસહ્ય બનશે. અરવલ્લી પર્વતો વરસાદી પાણીનો સંગ્રહ કરે છે અને જમીનમાં ઘૂસી જાય છે. અરવલ્લી પર્વતમાળા દિલ્હીના આશરે ૨૦ થી ૨૫ ટકા ભાગને આવરી લે છે. દક્ષિણ અને દક્ષિણપશ્ચિમ દિલ્હી અરવલ્લી પર્વતમાળાના નાના શિખરો પર બનેલ છે. મુખ્ય વિસ્તારોમાં મેહરૌલી, સાકેત, વસંત કુંજ અને દ્વારકાના ભાગોનો સમાવેશ થાય છે. એનસીઆરમાં, હરિયાણામાં ગુરુગ્રામ, ફરીદાબાદ, માનેસર અને દક્ષિણ સોનીપતના કેટલાક વિસ્તારો પણ આ ટેકરીઓ પર સ્થિત છે. જો અરવલ્લી પર્વતો અને તેમની ટેકરીઓનો નાશ થાય તો દિલ્હી-એનસીઆરનું ભૂગર્ભજળ લગભગ ખાલી થઈ જશે. ગુરુગ્રામ, ફરીદાબાદ અને દક્ષિણ દિલ્હી જેવા વિસ્તારો પહેલાથી જ ભૂગર્ભજળના અતિશય શોષણનો અનુભવ કરી રહ્યા છે. સુપ્રીમ કોર્ટની નવી વ્યાખ્યાથી ગુરુગ્રામ, રાજસ્થાન અને ઉદયપુરમાં રોષ ફેલાયો છે. પર્યાવરણ કાર્યકરો કહે છે કે આ એક પ્રાચીન પર્વતમાળા છે અને નવા ફેરફારો તેના માટે ખતરો ઊભો કરી શકે છે. દિલ્હી સહિત સમગ્ર NCR માટે જીવનદાન આપનારા અરવલ્લી પર્વતોના રક્ષણ માટે, અરવલ્લી બચાવો નાગરિક ચળવળ નામના સંગઠને શનિવારે રાજ્યના વન અને પર્યાવરણ મંત્રી રાવ નરબીર સિંહના સિવિલ લાઇન્સ નિવાસસ્થાનની બહાર વિરોધ પ્રદર્શન કર્યું હતું. જેમાં મોટી સંખ્યામાં પર્યાવરણવાદીઓ ભાગ લીધો હતો. પર્યાવરણ મંત્રી રાવ નરબીર સિંહ ચંદીગઢમાં હોવાથી, પર્યાવરણવાદીઓ તેમને મળી શક્યા ન હતા. સંસ્થાના મેનેજિંગ ટ્રસ્ટી અને પર્યાવરણ કાર્યકર્તા, કર્નલ એસએસ ઓબેરોય અને વૈશાલી રાણાએ જણાવ્યું હતું કે રાજસ્થાનમાં અરવલ્લી પર્વતમાળાના રક્ષણ માટે એક ચળવળ શરૂ થઈ ગઈ છે. ગુરુગ્રામમાં પહેલીવાર પ્રદર્શન યોજાયું છે. જ્યાં પણ અરવલ્લી પર્વતમાળા અસ્તિત્વમાં છે ત્યાં એક ચળવળ શરૂ કરવી જોઈએ, નહીં તો તે અદૃશ્ય થઈ જશે. સરકાર ૧૦૦ મીટરથી ઓછી ઊંચાઈ ધરાવતી કોઈપણ અરવલ્લી પર્વતમાળાને માન્યતા આપશે નહીં. આવી સ્થિતિમાં, અરવલ્લી પર્વતોનું અસ્તિત્વ ખતમ થઈ જશે. હરિયાણામાં ૧૦૦,૦૦૦ હેક્ટર અરવલ્લીની ટેકરીઓ સામેલ છે. તે બધાને વન વિસ્તાર જાહેર કરવા જોઈએ. હાલમાં જ્યાં પણ ખાણકામ ચાલી રહ્યું છે ત્યાં ખાણકામ બંધ કરવું જોઈએ. ગેરકાયદેસર ખાણકામમાં સામેલ લોકો સામે સરકાર દ્વારા કડક કાર્યવાહી થવી જોઈએ.

- આ લેખમાં પ્રગટ થયેલાં વિચારો લેખકનાં પોતાના છે.

**અરવલ્લી વિવાદનું મૂળ કારણ તેમાં રહેલા સીસું, જસત, તાંબુ, સોનું અને ટંગસ્ટન જેવા કીમતી ખનિજો અને તેને ખોદીને અબજો રૂપિયા રળી લેવાની કેટલાક ઉદ્યોગપતિઓની દાનત છે**


ગુજરાતમિત્ર ૩૧-૦૫-૨૦૨૨ થી લાગુ
ટચૂકડી
મંગળવાર, શુક્રવાર, રવિવાર
હવે શબ્દ દીઠ ₹૯
ઓછામાં ઓછા ૧૨ શબ્દો +(GST)
: જાહેરખબર આપવા માટે મળો :
ગુજરાતમિત્ર ભવન, સોની ફળીયા, સુરત. ફોન : ૨૫૯૯૯૯૧ ફેક્સ : ૨૫૯૯૯૯૦

વ્યવસાયીક ધંધાકીય

**જમીન પુરાણ માટેનો**
મલબો (માટી)નો મોટો જથ્થો વ્યાજબી ભાવે મેળવવા માટે સંપર્ક કરો સંપર્ક સમય સવારે ૧૦થી ૬ મો. 9998816308

**ઘરબેઠા TV, LCD**
LED રીપેરીંગ. દરેક વિસ્તારમાં દામીની ઈલેક્ટ્રોનિક્સ, અડાજણ. 9898302700

**સિલ્વર થાળીઓ,**
ડીશો, બાજ, દડિયાઓ મળશે. શિવકૃપા ડિસ્પોઝેબલ, રાંદેર રોડ, હાઉસિંગમાં, સુરત. 9426394294

**લાઈફ હિંચકાના કડાં,**
અમેરીકન ટેકનોલોજીથી તોડફોડ કર્યા વગર ગેરેન્ટેડ ફિટીંગ: 8460222292, 8460222282

**હિંચકાના કડાંવાલા**
કડાં, તોડફોડ કર્યા વગર, અમેરીકન ટેકનોલોજીથી ગેરેન્ટેડ ફિટીંગ. Mobile: 9099663638

**ઘરબેઠા તાત્કાલિક**
LED રીપેરીંગ. ઈલેક્ટ્રોનિક્સ, મોબાઈલ, રીમોટ. વિનોદ રેડિયો, લાલદરવાજા. 9328436184

**કબુતર, મચ્છર જાળી**
ઘરબેઠા ફિટિંગ. રોયલ નેટ સ્પાઈક. 9737166947, 8758533196

નોકરી વિષયક

**મસાલા પેકીંગ માટે**
પુરુષ સ્ટાફ જોઈએ છે. 9000/- પગાર સમય (9:30 થી 8:00) Mo. 9265470310

હોમાત્મક - સુંદરકાંડ દ્વારાં આર્થિક - માનસિક - શારીરિક વાસ્તુ દોષ સમસ્યા નિવારણ 99987 87143

**જોઈએ છે**
(1) બિલ્ડીંગનું મેન્ટેન કરી શકે એવા અનુભવી વ્યક્તિ (2) ડ્રાઈવર. ICC બિલ્ડીંગ સુરત. CALL: 9327757658 (696)

મિલ્કત લે-વેચ

**હોજીવાલા ઈન્ડસ્ટ્રીમાં**
756/ 1484/ 3612/ 7308 વિગેરેના પ્લોટ ખરીદ/વેચાણ તથા ભાડે આપવા/ લેવા માટે સંપર્ક કરો. 8866478300, 9825141500 (118)

મિલ્કત વેચવાની છે

**ઘોડદોડ રોડ**
ગોકુલમ ડેરી પાસે શરૂ થતા નવા બાંધકામમાં દુકાન, ઓફિસ, ફ્લેટ વેચાણથી આપવાના છે 9377889912, 9879276073

**3 BHK ફાર્મ વિલા**
વેચવાનો છે 239 વાર, મલબેરી હોમ્સ નજીક, નરથાન (M) 9712436798

મિલ્કત ભાડેથી

**સચિન હોજીવાલા**
થી નજીક વેરહાઉસ ભાડે આપવાનુ છે 130 X 65 અને 23 ફૂટ હાઈટ વાળો તૈયાર શેડ... સ્ટાફ માટે રૂમ ની સગવડ પણ મળી રહેશે... 3 ફેઈઝ વીજળી કનેક્શન તથા મીઠા પાણી નો બોર... પણ ઉપલબ્ધ... પલસાણા થી ફક્ત 6 k.m. અને હોજીવાલા થી ફક્ત 2 k.m. એડ્રેસ મુ.પો. કછોલી, લાજપોર તરાજ રોડ. જિલ્લા સુરત. વધુ માહિતી માટે સંપર્ક કરો. 9924441820

“લોન વિષયક”
1 લાખ થી 5 લાખ રૂપિયાની લોનની જરૂરત હોય તો એપોઈન્ટમેન્ટ લઈને સંપર્ક કરો
લોન-કન્સલટન્ટ વિજય ખેડેકર મો.નં.7202820113

લગન વિષયક

**સુરત રહેતા**
37 વર્ષના Doctor જૈન યુવક માટે Educated યુવતી આવકાર્ય 9512318416

વ્યવસાયીક યાત્રા-પ્રવાસ

**ઓમશિવ ટ્રાવેલ્સ**
23- રાત્રે, રણઉત્સવ, કચ્છ, માંડવી, આશાપુરા માતા, અંજાર, મોગલધામ, 25 રાત્રે, (ઉજ્જૈન, ઓમકારેશ્વર, સિહોર) (અંબાજી, મોઢેરા, બહુચરાજી, સારંગપુર) ખરવરશેરી, ભાગળ, સુરત. - 9537838949, 9327199997

ઘર બેઠા ટચુકડી જાહેરાત આપવા માટે સંપર્ક કરો M. 9879663828 ગુજરાતમિત્ર

અગત્યની સુચના : ટચુકડી જાહેરખબરમાં પ્રસિધ્ધ થયેલી માહિતી અંગે વાચકે પુરતી ચકાસણી કરી લેવા વિનંતી. જાહેર ખબરની વિગતોની સત્યતા અંગેની અખબારની જવાબદારી રહેશે નહીં.